# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-10-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) નવરાત્રિના પાવન પર્વનો આજથી પ્રારંભ – કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવની શરૂઆત કરાવશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 2 દિવસના રાજસ્થાનના પ્રવાસે

3) હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પડઘમ આજે શાંત થશે.

4) MSME મંત્રાલયે સૂતર કાંતનારા અને ચરખો ચલાવનારા કારીગરોના વેતનમાં વધારો કર્યો

5) અમેરિકામાં હેલેન વાવાઝોડાનો મૃત્યુઆંક 183એ પહોંચ્યો – હજી પણ હજારો લોકો ગુમ થયાના અહેવાલ.

6) I.C.C. મહિલા ટી-20 વિશ્વકપનો આજથી સંયુક્ત આરબ અમીરાત ખાતે પ્રારંભ થશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NAVRATRI AMIT SHAH

દેવી દુર્ગાજીની પૂજાનો નવ દિવસનો તહેવાર એટલે કે, નવરાત્રિના પાવન પર્વનો આજે ધાર્મિક ઉત્સાહ સાથે પ્રારંભ થઈ રહ્યો છે. નવરાત્રિ દરમિયાન દેવી દુર્ગાજીના નવા રૂપની પૂજા કરવામાં આવે છે. પહેલા દિવસે માતાજીને શૈલપુત્રીના રૂપમાં પૂજવામાં આવે છે.

આ તરફ કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસ દરમિયાન અમદાવાદના GMDC મેદાન ખાતે વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ 2024નો પ્રારંભ કરાવશે. ઉપરાંત શ્રી શાહ તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વિવિધ પરિયોજનાનું લોકાર્પણ પણ કરશે. શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકાના 446 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.

દરમિયાન શ્રી શાહ સાણંદમાં “કાર્યકર્તા સંમેલન”ને સંબોધશે. આવતીકાલે તેઓ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એડીસી બેન્કની 100મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# PREZ RAJASTHAN VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 2 દિવસ રાજસ્થાનના પ્રવાસે પહોંચશે. દરમિયાન તેઓ ઉદયપુરમાં મોહનલાલ સુખાડિયા વિશ્વવિદ્યાલયના 32મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ આવતીકાલે માઉન્ટ આબુમાં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા યોજાનારા વૈશ્વિક શિખર સંમેલનમાં પણ ઉપસ્થિત રહેશે.

સુશ્રી મુર્મૂ રાજ્ય સરકાર દ્વારા યોજાનારા આદિ ગૌરવ સન્માન સમારોહમાં પણ સહભાગી થશે.

# HARIYANA ELECTION

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પડઘમ આજે શાંત થશે. 90 વિધાનસભા બેઠક ધરાવતા હરિયાણા રાજ્યમાં આ શનિવારે 5મી ઑક્ટોબરે એક જ તબક્કામાં મતદાન થશે. જ્યારે આગામી આઠમી ઑક્ટોબરે જમ્મુ-કાશ્મીરની સાથે હરિયાણા ચૂંટણી માટે મતગણતરી કરાશે.

દરમિયાન ચૂંટણી પંચે રાજ્યમાં પાંચમી ઑક્ટોબરે સાંજે સાડા 6 વાગ્યા સુધી એક્ઝિટ પૉલ જાહેર કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે. આનો ઉલ્લંઘન કરનારાઓને સજા અને દંડનો સામનો કરવો પડી શકે છે.

# KHADI WAGE HIKE

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમ એટલે કે, M.S.M.E. મંત્રાલયે સૂતર કાંતનારા કારીગરોના વેતનમાં 25 ટકા અને ચરખો ચલાવનારા કારીગરોના વેતનમાં સાત ટકાનો વધારો કર્યો છે. આ જાહેરાત ગયા મહિનાની 17મી તારીખે કરવામાં આવી હતી. ખાદી અને ગ્રામોદ્યોગ પંચના અધ્યક્ષ મનોજ કુમારે કહ્યું કે,‘વણકરોને સૂતર કે દોરાની આંટીદીઠ 12 રૂપિયા 50 પૈસા રૂપિયા મળશે. છેલ્લા એક દાયકામાં વેતનમાં અંદાજે 213 ટકાનો વધારો નોંધાયો છે.

શ્રી કુમારે ઉંમેર્યું કે, ‘પ્રધાનમંત્રીએ જ ખાદીની વસ્તુઓ પર 20 ટકા અને ગ્રામોદ્યોગ વસ્તુઓ પર 10 ટકાની છૂટની જાહેરાત કરી હતી. સમગ્ર દેશમાં ખાદીની વસ્તુઓ પર આ છૂટ 2 ઑક્ટોબરથી 30 નવેમ્બર સુધી અપાશે.’ શ્રી કુમારે કહ્યું કે, ‘ખાદી ક્ષેત્રનો વ્યવસાય ગત નાણાકીય વર્ષમાં એક લાખ 55 હજાર કરોડ રૂપિયાના આંકડાને પાર પહોંચ્યો છે.’

# HURRICAN EHELENE

સંયુક્ત રાજ્ય અમેરિકામાં હેલેન વાવાઝોડાના કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને 183 થઈ છે. જ્યારે દક્ષિણ પૂર્વ રાજ્યોમાં વાવાઝોડાના પરિણામે હજારો લોકો ગુમ થયાના અહેવાલ છે. ઉત્તર કેરોલિનામાં 90 લોકોના મોત નીપજ્યા છે. તેમજ અનેક જગ્યાએ ખોરવાયેલા વીજ પૂરવઠાને પૂર્વવત્ કરવાની કામગીરી ચાલી રહી છે. ફ્લૉરિડાથી વર્જિનિયા સુધી 10 લાખથી વધુ લોકો પાસે વીજ પૂરવઠો ઉપલબ્ધ નથી.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન આજે ઉત્તર કેરોલિનાની મુલાકાતે છે. તેમણે સંરક્ષણ વિભાગને ઉત્તરે કેરોલિના રાષ્ટ્રીય રક્ષકને મજબૂત કરવા માટે એક હજાર સૈનિક તહેનાત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સૈનિકો ખોરાક અને પાણી સહિતની મદદ પહોંચાડવામાં સહાય કરે છે. તો ડેમોક્રેટિક રાષ્ટ્રપ્રમુખ પદનાં ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ જ્યોર્જિયાની મુલાકાતે છે. જ્યારે રિપબ્લિકન ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પે પણ ગઈકાલે જ્યોર્જિયાની મુલાકાત લીધી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# ICC WOMEN T20 WORLD CUP

ICCના નવમા મહિલા ટી-20 વિશ્વકપનો આજથી સંયુક્ત આરબ અમીરાતના શારજાહ ખાતે પ્રારંભ થશે. આગામી 20 ઑક્ટોબર સુધી યોજાનારી આ સ્પર્ધામાં કુલ 10 ટીમ ભાગ લેશે. વિશ્વકપની પહેલી મેચ આજે બાંગ્લાદેશ અને સ્કૉટલેન્ડ વચ્ચે રમાશે. જ્યારે ભારત પોતાની પહેલી મેચ આવતીકાલે ન્યૂ ઝિલેન્ડ વચ્ચે રમશે. દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રવિવારે રમાશે.

છેલ્લા ત્રણ ટી-20 વિશ્વકપ જીતનારી ગયા વર્ષની વિજેતા ટીમ ઑસ્ટ્રેલિયા, ભારત, ન્યૂ ઝિલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા સાથે સમૂહ – એ માં છે. જ્યારે સમૂહ – બીમાં બાંગ્લાદેશ, ઇંગ્લેન્ડ, સ્કૉટલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝનો સમાવેશ થાય છે.

ભારતીય મહિલા ટીમે મંગળવારે દક્ષિણ આફ્રિકાને 28 રનથી હરાવીને અભ્યાસ મેચમાં સતત બીજી જીત મેળવી હતી. જ્યારે પોતાની પહેલી અભ્યાસ મેચમાં ટીમે વેસ્ટ ઇન્ડીઝને 20 રનથી હરાવ્યું હતું.

# LAXMAN-SHRESHTHA-AWARD.RTF

જાણીતા કલાકાર લક્ષ્મણ શ્રેષ્ઠાને સ્વર્ગીય વાસુદેવ ગાયતોંડે લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે. મહારાષ્ટ્ર સરકાર દ્રશ્ય કળાના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ બદલ આ પુરસ્કાર આપે છે. રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ચંદ્રકાંત પાટીલે મંગળવારે આ જાહેરાત કરી હતી.

આ પ્રસંગે બોલતા શ્રીપાટીલે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં કલાનો સમૃદ્ધ વારસો છે અને રાજ્યના અનેક કલાકારોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. શ્રી પાટીલે લક્ષ્મણ શ્રેષ્ઠાના સતત અને સમર્પિત કાર્યની પ્રશંસા કરી હતી.

# REV ISRAEL MISSILE ATTACK

ઇઝરાયેલી સંરક્ષણ દળ – I.D.F.એ પુષ્ટિ કરતા જણાવ્યું કે, ઇરાનના મિસાઈલ હુમલામાં તેમના અનેક હવાઈ મથકોને નિશાન બનાવાયા, પરંતુ કોઈ મોટું નુકસાન નથી થયું. સેનાએ જણાવ્યું કે, 'તેમની વાયુસેનાનું અભિયાન યથાવત્ રહેશે.'

દરમિયાન ઇરાનના રાષ્ટ્રપતિ મસુદ પેઝેશ્કિયાને કહ્યું કે, 'અમે યુદ્ધ નથી ઇચ્છતા.' તેમણે ઇઝરાયેલને કોઈ કાર્યવાહી ન કરવાની ચેતવણી પણ આપી હતી. દોહામાં કતરના અમીર શેખ તમીમ બિન હમાદઅલ-સાનીની સાથે એક સંયુક્ત સંવાદદાતા સંમેલનને સંબોધતા પેઝેશ્કિયાને કહ્યું કે, 'જો ઇઝરાયેલ કાર્યવાહી કરશે તો અમે તેનો કડક જવાબ આપવા પ્રતિબદ્ધ છીએ.' બીજી એક ઘટનામાં હમાસની સૈન્ય શાખા, અલ-કસમ બ્રિગેડે ઇઝરાયલની રાજધાની તેલ અવીવમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી લીધી છે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં ઇઝરાયેલ અને ઇરાન વચ્ચેના યુધ્ધના સમાચાર પ્રથમ પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કરે ઇઝરાઇયેલના સૈન્યનો લેબેનોનમાં પ્રવેશ, ઇરાનમાં હાઇએલર્ટ આ મુખ્ય સમાચાર પ્રસિધ્ધ કર્યા છે. જ્યારે નવ ગુજરાત સમયે  ઇરાનના ઓઇલ, અણુમથકો ઇઝરાયેલના ટાર્ગેટ પર એવા મુખ્ય સમાચાર સાથે પ્રથમ પાને આ સમાચાર પ્રકાશિત કર્યા છે. જ્યારે ફુલછાબે લેબેનોનની શેરીઓમાં યુધ્ધ, ઇરાન પર પ્રહાર કરવાની તૈયારી કરતું ઇઝરાયેલના હેડિંગ સાથે સમાચાર બનાવ્યાં છે.
- જ્યારે ગુજરાત સમાચારે લવજેહાદ, આંતરરાષ્ટ્રીય કાવતરું, ભારત માટે ખતરોઃ કોર્ટ આ સમાચાર પ્રથમ પાને પ્રસિધ્ધ કર્યા છે સાથોસાથ પ્રથમ પાને દિલ્હીમાં થઈ ઝડપાયેલા ડ્ગ્સ અને ઇઝરાયેલ – ઇરાન વચ્ચેના યુધ્ધને પણ સ્થાન આપ્યું છે.
- સંદેશમાં પણ દિલ્હીમાંથી પાંચ હજાર કરોડનું કોકેન ઝડપાયું હોવાના સમાચારને પ્રાધાન્ય આપીને તેને મુખ્ય સમાચારમાં સ્થાન આપ્યું છે..  આ ઉપરાંત સંદેશે ઇરાન ઇઝરાયેલ યુધ્ધના સમાચાર પ્રકાશિત કર્યા છે.
- જ્યારે રાજસ્થાન પત્રિકાએ પણ યુધ્ધના સમાચારને સ્થાન આપ્યું છે. જ્યારે તમામ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી અખબારો આજથી શરૂ થતાં શારદીય નવરાત્રીને પણ છેલ્લા પાને સ્થાન આપ્યું છે.
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા દ્વારા ઇઝરાયેલ ઇરાનનું યુધ્ધ અને પૂણેમાં વિમાન દુર્ઘનાને સામાચારને મહત્વપૂર્ણ સ્થાન આપ્યું છે.